## સેશન્સ કેસ નંબર ૩૭/૨૦૨૩

| | |
|---|---|
| દાખલ તારીખ | 13-03-2023 |
| રજીસ્ટર તારીખ | 13-03-2023 |
| ફેંસલ તારીખ | 01-04-2026 |
| સમયગાળો | વર્ષ – માસ – દિવસ |
| | ૦૩ –૦૦– ૧૯ |
| **Exh.** | **67** |

## સેશન્સ કેસ નંબર ૧૧૩/૨૦૨૩

| | |
|---|---|
| દાખલ તારીખ | 04-08-2023 |
| રજીસ્ટર તારીખ | 04-08-2023 |
| ફેંસલ તારીખ | 01-04-2026 |
| સમયગાળો | વર્ષ – માસ – દિવસ |
| | ૦૨ – ૦૭ – ૨૮ |
| **Exh.** | **8** |

सत्यमेव जयते

---

**નામદાર સાતમા અધિક સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં,**
**ભુજ–કચ્છ.**

---

**સેશન્સ કેસ નંબર ૩૭/૨૦૨૩**

**<u>ફોર્મ – '' એ ''</u>**

| **નામદાર સાતમા અધિક સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં, ભુજ–કચ્છ.** | | |
|---|---|---|
| ચુકાદા તારીખ | | **તારીખ ૧ /૦૪/૨૦૨૬** |
| ફોજદારી કેસ સંખ્યા | | **૩૭ સને ૨૦૨૩** |

| ગુન્હાની વિગત | |
|---|---|
| ગુન્હાની કલમ | ભારતીય દંડ સંહિતાની કલમ-૩૮૪,૩૨૮, ૫૦૬,૧૧૪ તથા આઇ.ટી.એકટની કલમ-૬૭(એ) મુજબ. |
| પ્રથમ માહિતી અહેવાલ સંખ્યા | ભુજ શહેર ' બી ' ડિવીઝન પોલીસ સ્ટેશન પાર્ટ-એ ગુન્હા રજીસ્ટર નં.૧૧૨૦૫૦૪૩૨૨૦ ૨૮૭/૨૦૨૨ |
| પોલીસ સ્ટેશન | ભુજ શહેર ' બી ' ડિવીઝન પોલીસ સ્ટેશન |
| **ફરિયાદી** | **શ્રી સરકાર તરફે ફરિયાદી-ઇસ્માઇલ જુમાભાઇ પારા** |
| ફરિયાદપક્ષ તરફે પ્રતિનિધિત્વ કરનાર વિ.સ્પેશ્યલ સરકારી વકીલ | **શ્રી પી.વી.વાણિયા.** |
| **આરોપી** | **ગની આમદ હોડા**<br>ઉ.વ.૩૯,ધંધો-મજુરી<br>રહે.નવાગામ દુધઇ,<br>તા.અંજાર-કચ્છ. |
| આરોપી તરફે પ્રતિનિધિત્વ કરનાર વિ.વકીલશ્રી | **એ.એ.અંસારી.** |

**<u>ફોર્મ-''બી''</u>**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૨૦/૦૨/૨૦૨૨ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૫/૦૩/૨૦૨૨ |
| આખરી અહેવાલની તારીખ | ૨૭/૦૬/૨૦૨૨ |
| ત્હોમતનામુ ઘડયાની તારીખ | ૦૮/૦૯/૨૦૨૩ |
| પુરાવાની શરૂઆતની તારીખ | ૧૨/૧૨/૨૦૨૩ |
| જે તારીખે ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે,તે તારીખ | ૧૧/૦૩/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧/૦૪/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ,જો કોઇ હોય તો | --- |

( N. P. Radia)
7th Addl. Sessions Judge, Bhuj

## આરોપીની વિગત

| આરોપી નો ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન પર છુટયાની તારીખ | ગુન્હાનો આરોપ મુકયો છે. | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી | ફો.કા.સં.કલમ –૪૨૮ નાં હેતુ માટે ટ્રાયલ દરમિયાન અટકાયતની અવધિ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **ગની આમદ હોડા** | ૨૧/૦૩/૨૦૨૨ | ૨૯/૦૩/૨૦૨૨ | આઇ.પી.સી. કલમ–૩૮૪, ૩૨૮,૫૦૬, ૧૧૪ તથા આઇ ટી.એકટની કલમ–૬૭(એ) | | –– | – |

**સેશન્સ કેસ નંબર ૧૧૩/૨૦૨૩**

**ફોર્મ – '' એ ''**

| **નામદાર સાતમા અધિક સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં, ભુજ–કચ્છ.૨** | |
|---|---|
| ચુકાદા તારીખ | **તારીખ ૧ /૦૪/૨૦૨૬** |
| ફોજદારી કેસ સંખ્યા | **૧૧૩ સને ૨૦૨૩** |
| ગુન્હાની વિગત | |
| ગુન્હાની કલમ | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૮૪,૩૨૮, ૫૦૬,૧૧૪ તથા આઇ.ટી.એકટની કલમ–૬૭(એ) મુજબ. |
| પ્રથમ માહિતી અહેવાલ સંખ્યા | ભુજ શહેર ' બી ' ડિવીઝન પોલીસ સ્ટેશન પાર્ટ–એ ગુન્હા રજીસ્ટર નં.૧૧૨૦૫૦૪૩૨૨૦ ૨૮૭/૨૦૨૨ |
| પોલીસ સ્ટેશન | ભુજ શહેર ' બી ' ડિવીઝન પોલીસ સ્ટેશન |
| **ફરિયાદી** | **શ્રી સરકાર તરફે ફરિયાદી–ઈસ્માઈલ જુમાભાઇ પારા** |
| ફરિયાદપક્ષ તરફે પ્રતિનિધિત્વ કરનાર વિ.સ્પેશ્યલ સરકારી વકીલ | **શ્રી પી.વી.વાણિયા.** |
| **આરોપી** | **નજમાબેન જુસબ ગગડા**<br>ઉ.વ.૫૮,ધંધો–ઘરકામ<br>રહે.વિસ્માર્કનગર,માધાપર હાઇવે એકતા હોટલની પાછળ,ભુજ.<br>હાલે રહે.આમંબારાખ,તા.નખત્રાણા–કચ્છ. |

( N. P. Radia)
7th Addl. Sessions Judge, Bhuj

| | |
|---|---|
| આરોપી તરફે પ્રતિનિધિત્વ કરનાર વિ.વકીલશ્રી | **એમ.એચ.રાઠોડ.** |

## ફોર્મ-''બી''

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૨૦/૦૨/૨૦૨૨ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૫/૦૩/૨૦૨૨ |
| આખરી અહેવાલની તારીખ | ૧૩/૦૪/૨૦૨૩ |
| ત્હોમતનામુ ઘડયાની તારીખ | ૦૮/૦૯/૨૦૨૩ |
| પુરાવાની શરૂઆતની તારીખ | ૧૨/૧૨/૨૦૨૩ |
| જે તારીખે ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે,તે તારીખ | ૧૧/૦૩/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧/૦૪/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ,જો કોઇ હોય તો | --- |

## આરોપીની વિગત

| આરોપી નો ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન પર છુટયાની તારીખ | ગુન્હાનો આરોપ મુકયો છે. | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી | ફો.કા.સં.કલમ -૪૨૮ નાં હેતુ માટે ટ્રાયલ દરમિયાન અટકાયતની અવધિ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **નજમાબેન જુસબ ગગડા** | ૦૬/૦૩/૨૦૨૩ | ૨૧/૦૩/૨૦૨૩ | આઇ.પી.સી. કલમ-૩૮૪,૩૨૮, ૫૦૪,૧૧૪ તથા આઇ. ટી. એકટની કલમ-૬૭(એ) | | -- | - |

## ફોર્મ-સી

(એ) ફરિયાદપક્ષે તેમના કેસનાં સમર્થનમાં નીચે મુજબનો મૌખિક પુરાવો રજુ કરેલ છે.

| સાહેદ નંબર | આંક | સાહેદનાં નામ | વિગત |
|---|---|---|---|
| ૧ | ૧૨ | રાજેશ વાઘજી દાવડા | પંચસાહેદ |

| | | | |
|---|---|---|---|
| ૨ | ૧૪ | સુલતાન અલીમામદ પારા | પંચસાહેદ |
| ૩ | ૧૯ | ગુલામ અબ્દુલા પારા | પંચસાહેદ |
| ૪ | ૨૧ | સદામ સાલેમામદ પારા | પંચસાહેદ |
| ૫ | ૨૮ | ઈલીયાસ નુરમામદ મમણ | પંચસાહેદ |
| ૬ | ૩૯ | સલીમબાપુ ઈસ્માઈલ સમા | સાહેદ |
| ૭ | ૪૦ | શબીર ઈસ્માઈલ પારા | સાહેદ |
| ૮ | ૪૧ | અમીનાબેન ઈસ્માઈલ પારા | સાહેદ |
| ૯ | ૪૬ | ભગીરથસિંહ અરવિંદસિંહ જાડેજા | પોલીસ સાહેદ |
| ૧૦ | ૪૯ | હુસેન જુમા પારા | સાહેદ |
| ૧૧ | ૫૯ | પાર્થેન્દ્રસિંહ વિજયસિંહ વાઘેલા | તપાસ કરનાર અમલદાર |

(એ) ફરિયાદપક્ષે તેમના કેસનાં સમર્થનમાં નીચે મુજબનાં દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

| અનુક્રમ નંબર | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૩ | ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ |
| ૨ | ૨૦ | બનાવવાળી જગ્યાનું પંચનામુ |
| ૩ | ૨૯ | આરોપીની શરીર સ્થીતીનું અને ગુન્હા કામે વપરાયેલ મોબાઈલ તથા રોકડ રકમ કબ્જે કર્યાનું પંચનામુ |
| ૪ | ૪૭ | અસલ એફ.આઈ.આર. |
| ૫ | ૬૦ | રવાનગી પત્રક |
| ૬ | ૬૧ | મુદામાલ મળ્યાની પહોંચ |

## -// **<u>ચુકાદો</u>** //-

(૧) સદરહુ સેશન્સ કેસ ભુજ શહેર ' બી ' ડિવીઝન પોલીસ સ્ટેશન પાર્ટ-એ ગુન્હા રજીસ્ટર નં.૧૧૨૦૫૦૪૩૨૨૦૨૮૭/૨૦૨૨ થી દાખલ થયેલ

તેની તપાસ બાદ સબંધિત તપાસ કરનાર અમલદાર ધ્વારા કરવામાં આવેલ ચારજશીટ રજુ થતા અત્રેની અદાલત સમક્ષ કમીટ થઇ આવતા ઉપસ્થીત થયેલો છે.

(૨) **<u>ફરિયાદપક્ષનાં કેસની વિગત:</u>**

(૨.૧) આ કામનાં ફરિયાદી ઇસ્માઇલ જુમાભાઇ પારા,ઉ.વ.પ૮, ધંધો–નિવૃત,રહે.નવી ચુબડક,તા.ભુજ–કચ્છ ધ્વારા તા:–૧૫/૦૩/૨૦૨૨ નાં રોજ ભુજ શહેર ' બી ' ડિવીઝન પોલીસ સ્ટેશનનાં પોલીસ ઇન્સપેક્ટર શ્રી પી.વી.વાઘેલા સમક્ષ જાહેર કરવામાં આવેલ ફરિયાદ હકીકત મુજબ આરોપી નં.(૧) વાળાએ ફરિયાદીને ફોન કરી પોતાના ઘરે કામનાં બહાને બોલાવી ચા માં નશાયુકત ગોળી પીવડાવી દઇ ફરિયાદીનાં તમામ કપડાઓ કાઢી નાખી આરોપી નં.(૨) અને (૩) વાળાએ ફરિયાદી ભાનમાં આવતા તેઓનો નગ્ન વિડીયો બનાવી વિડીયો વાયરલ કરવાની ધમકી આપી ફરિયાદી પાસે રૂા.૨૫,૦૦,૦૦૦/– ની માંગણી કરી આરોપી નં.(૨) નાંએ ફરિયાદી પાસેથી રૂા.૧૨,૦૦૦/– લઇ આરોપીઓ ફરિયાદીનો નગ્ન વિડીયો વાયરલ કરી ગુન્હો કરવામાં એકબીજાને મદદગારી કરી ગુન્હો કરેલ.

**<u>ચાર્જશીટ તથા કમીટ અંગેની કાર્યવાહી</u>**

(૩) ઉપરોકત વિગતવારની ફરિયાદ શ્રી પી.વી.વાઘેલા,પોલીસ ઇન્સપેક્ટર,ભુજ શહેર ' બી ' ડિવીઝન પોલીસ સ્ટેશનનાંઓએ ફરિયાદીનાં લખાવ્યા મુજબ નોંધી ગુન્હો દાખલ કરવા પી.એસ.ઓ.ને આપતા તેઓ ગુન્હો દાખલ કરી આગળની તપાસ તેઓને સોંપતા તેઓએ લાગતા–વળગતા સાહેદોનાં નિવેદનો લીધેલા,બે અલગ અલગ ગુન્હાવાળી જગ્યાનાં પંચનામા કરેલા,આરોપીને અટક પંચનામાની વિગતે અટક કરી ગુન્હા કામે વપરાયેલ મોબાઇલ કબ્જે કરેલ અને રોકડ રકમ કબ્જે કરેલ,કબ્જે કરેલ મુદામાલ મોબાઇલ રવાનગી પત્ર સાથે એફ.એસ.એલ.,ગાંધીનગર મોકલી આપવામાં આવેલ,એફ.એસ.એલ.,ગાંધીનગરથી મળેલ પહોંચ સામેલ રાખેલ

અને તેમની બદલી થતા આગળની તપાસ પી.આઇ.શ્રી વાઘેલાને સોંપતા તેમણે તપાસ સંભાળી આરોપી ગની આમદ હોડા વિરૂધ્ધ પુરતો પુરાવો હોઇ નામદાર અદાલતમાં ચાર્જશીટ કરેલ અને આરોપીઓ નઝમાબેનને પકડવાના બાકી હોઇ તેની અટક કરી નામદાર કોર્ટમાં મોકલી આપેલ તેમજ તેમના વિરૂધ્ધ પુરતો પુરાવો હોઇ આ કામે પુરવણી ચાર્જશીટ કરેલી.આમ સમગ્ર તપાસનાં અંતે આરોપીઓ વિરૂધ્ધ આઇ.પી.સી.કલમ–૩૮૪,૩૨૮,૫૦૬, ૧૧૪ તથા આઇ.ટી.એકટની કલમ–૬૭ (એ) મુજબનાં ગુન્હાનું ચાર્જશીટ વિ.ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ,ભુજ–કચ્છની અદાલતમાં રજુ કરેલ,જે અનુક્રમે ચીફ કોર્ટનાં ફોજદારી કેસ રજીસ્ટરે ફોજદારી કેસ નં.૧૭૮૯/૨૦૨૨ અને ફોજદારી કેસ નં.૨૩૫૨/૨૦૨૩ થી નોંધવામાં આવેલ.

(૩.૧) ફોજદારી કેસ નં.૧૭૮૯/૨૦૨૨ નાં આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો પુરી પાડેલ. ત્યારબાદ આરોપી વિરૂધ્ધનાં ગુન્હાની કાર્યવાહી ચલાવવાની સત્તા માત્ર સેશન્સ જજની અદાલતને હોવાથી વિ.પાંચમા અધિક ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ,ભુજ–કચ્છનાંઓ ધ્વારા સદર કેસ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૯ અન્વયે તા:–૧/૦૩/૨૦૨૩ નાં રોજનાં હુકમથી સેશન્સ જજની અદાલતમાં કમીટ કરવાનો હુકમ કરવામાં આવતા સદર કેસ સેશન્સ કેસ નં.૩૭/૨૦૨૩ થી રજીસ્ટરે લેવામાં આવેલ.

(૩.૨ ) ફોજદારી કેસ નં.૨૩૫૨/૨૦૨૩ નાં આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો પુરી પાડેલ. ત્યારબાદ આરોપી વિરૂધ્ધનાં ગુન્હાની કાર્યવાહી ચલાવવાની સત્તા માત્ર સેશન્સ જજની અદાલતને હોવાથી વિ.પાંચમા અધિક ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ,ભુજ–કચ્છનાંઓ ધ્વારા સદર કેસ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૯ અન્વયે તા:–૧/૦૮/૨૦૨૩ નાં રોજનાં હુકમથી સેશન્સ જજની અદાલતમાં કમીટ કરવાનો હુકમ કરવામાં આવતા સદર કેસ સેશન્સ કેસ નં.૧૧૩/૨૦૨૩ થી રજીસ્ટરે લેવામાં આવેલ.

(૪) અત્રે એ હકીકત નોંધનીય છે કે મારા પુરોગામી વિ. ન્યાયધીશશ્રીએ તા:-૧૧/૦૯/૨૦૨૫ નાં રોજ હુકમ કરી સેશન્સ કેસ નં.૩૭/૨૦૨૩ અને સેશન્સ કેસ નં.૧૧૩/૨૦૨૩ બન્ને એકસાથે ચલાવવાનો તેમજ બન્ને કેસનો પુરાવો સેશન્સ કેસ નં.૩૭/૨૦૨૩ નાં કામે નોંધવાનો હુકમ કરવામાં આવેલ છે.

**ચાર્જફ્રેમ**

(૫) ત્યારબાદ આરોપીઓ અદાલત સમક્ષ હાજર થતા આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૭ ની જોગવાઇ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડી મારા પુરોગામી વિ.ન્યાયધીશશ્રીએ આંક:-૮ થી આરોપીઓ વિરૂધ્ધ આઇ.પી.સી.કલમ-૩૮૪,૩૨૮,૫૦૬, ૧૧૪ તથા આઇ.ટી.એકટની કલમ-૬૭(એ) મુજબનાં ગુન્હાઓનું ત્હોમતનામુ ફરમાવી વાંચી,સંભળાવી અનુક્રમે આંક:-૯ અને આંક:-૧૦ થી આરોપીઓનું નિવેદન લેવામાં આવેલ અને આરોપીઓ ધ્વારા ગુન્હાનો ઇન્કાર કરી કેસની કાર્યવાહી આગળ ચલાવવાની માંગણી કરેલી.

(૬) ત્યારબાદ આ કામે ઉપરોકત ફોર્મ-સી મુજબનાં સાહેદોનો પુરાવો નોંધવામાં આવેલ છે અને ત્યારબાદ તા:-૧૮/૦૨/૨૦૨૬ નાં રોજ ફરિયાદીનો પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

**ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૧૩ અન્વયેનું આરોપીઓનું વિશેષ નિવેદન**

(૭) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવેલુ,જેમાં આરોપીઓ ધ્વારા ફરિયાદપક્ષનો પુરાવો તેમની રૂબરૂ અને સાંભળતા લેવામાં આવેલ હોવાની હકીકત સ્વીકારી,બાકીનાં ફરિયાદપક્ષનાં તેઓ વિરૂધ્ધનાં અન્ય પુરાવાની હકીકત

અંગે પંચનામા ખોટા હોવાનું ખોટી વાત હોવાનું,માહિતી ન હોવાનું,ફરિયાદ ખોટી આપેલ હોવાનું તથા ખોટી તપાસ હોવાનું જણાવી સોગંદ ઉપર જુબાની આપવા તથા બચાવનાં સાહેદો તપાસવાનો ઈન્કાર કરી વિશેષમાં જણાવેલ છે કે તેઓ તદન નિર્દોષ વ્યકિત છે,તેઓએ કહેવાતો કોઇ ગુન્હો કરેલ નથી, જેથી તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

**<u>ફરિયાદપક્ષની દલીલ:–</u>**

(૮) સદર કામમાં વિ.એ.પી.પી.શ્રી પી.વી.વાણિયાએ પોતાની દલીલમાં જણાવેલ છે કે આરોપીઓ વિરૂધ્ધ આઇ.પી.સી.કલમ–૩૮૪, ૩૨૮,૫૦૬, ૧૧૪ તથા આઇ.ટી.એકટની કલમ–૬૭(એ)મુજબનો ગુન્હો કરેલ હોવાનો ફરિયાદપક્ષનો કેસ છે.આ કામે ફરિયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે જુદા–જુદા અગીયાર સાહેદોને તપાસવામાં આવેલા છે તેમજ જરૂરી દસ્તાવેજી આધારો પણ રજુ રાખેલા છે.વધુમાં આ કામે બનાવનાં મહત્વનાં સાહેદોએ ફરિયાદપક્ષનાં કેસને સમર્થન કરેલ નથી તેટલા માત્રથી આવો કોઇ બનાવ બનેલ જ નથી તેવુ માની શકાય તેમ નથી કારણકે સાંયોગિક પુરાવાથી ફરિયાદપક્ષનાં કેસને સમર્થન મળે છે.જેથી આરોપીઓને સજા ફરમાવવા અરજ કરેલ છે.

**<u>બચાવપક્ષની દલીલ</u>**

(૯) સદર કામમાં આરોપીઓનાં વિ.વકીશ્રીઓએ દલીલ કરતા જણાવે છે કે પંચસાહેદોએ પંચનામાઓની હકીકતોને સમર્થન આપેલ નથી. ફરિયાદી પુરાવા દરમિયાન મરણ ગયેલ હોઇ તેઓનો પુરાવો લઇ શકાયેલ નથી.સાહેદોએ ફરિયાદપક્ષનાં કેસને સમર્થન કરેલ નથી તેમજ આ કામે જે સાંયોગિક પુરાવો રજુ કરેલ છે તેનાથી હાલનાં આરોપી નઝમાબેને ફરિયાદીને પોતાના ઘરે કામના બહાને બોલાવી ચા માં નશાયુકત ગોળી પીવડાવી દઇ ફરિયાદીનાં તમામ કપડાઓ કાઢી નાખી આરોપી નં.(૨) અને (૩) વાળાએ

ફરિયાદી ભાનમાં આવતા તેઓનો નગ્ન વિડીયો બનાવી, વિડીયો વાયરલ કરવાની ધમકી આપી ફરિયાદી પાસે રૂા.૨૫,૦૦,૦૦૦/– માંગણી કરી આરોપી નં.(૨) ઓસમાણ ગનીએ ફરિયાદી પાસેથી રૂા.૧૨,૦૦૦/– લઇ ફરિયાદીનો નગ્ન વિડીયો વાયરલ કરી એકબીજાને મદદગારી કરેલ તેવી હકીકત પુરવાર થતી નથી.વધુમાં આ કામે તપાસનીશ અધિકારીનો પુરાવો રજુ થયેલ છે તે તેમણે કરેલ ફરજનાં ભાગરૂપે કરેલ કાર્યવાહીને અનુરૂપ હકીકતો જણાવેલી છે પરંતુ આ કામે મહત્વનાં સાહેદોએ ફરિયાદપક્ષનાં કેસને સમર્થન કરેલ ન હોઈ તપાસ કરનાર અમલદારનાં પુરાવા પર આધાર રાખી શકાય તેમ નથી તેમજ સાંયોગિક પુરાવાા પણ ફરિયાદપક્ષને મદદરૂપ થતા ન હોઈ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલી છે.

(૧૦) આ કેસનાં ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબનાં મુદાઓ ઉપસ્થીત થાય છે.

**<u>મુદાઓ:–</u>**

(૧) શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા:–૨૦/૦૨/૨૦૨૨ નાં રોજ કલાક ૧૫.૦૦ વાગ્યાનાં અરસામાં ભુજ મધ્યે સુરલભીટ રોડ પર આવેલ અંજલીનગરમાં આરોપી નઝમાબેને ફરિયાદીને પોતાના ઘરે કામના બહાને બોલાવી ચા માં નશાયુકત ગોળી પીવડાવી દઇ ફરિયાદીનાં તમામ કપડાઓ કાઢી નાખી આરોપી ગની આમદ હોડા અને અન્ય આરોપીએ ફરિયાદી ભાનમાં આવતા તેઓનો નગ્ન વિડીયો બનાવી, વિડીયો વાયરલ કરવાની ધમકી આપી ફરિયાદી પાસે રૂા.૨૫,૦૦,૦૦૦/– માંગણી કરી આરોપી નં.(૨) ઓસમાણ ગનીએ ફરિયાદી પાસેથી રૂા.૧૨,૦૦૦/– લઇ ફરિયાદીનો નગ્ન વિડીયો વાયરલ કરી એકબીજાને મદદગારી કરી આઇ.પી.સી.ની કલમ–૩૮૪,૩૨૮,૫૦૬,

૧૧૪ તથા આઇ.ટી.એકટની કલમ–૬૭(એ) મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલો છે ?

(૨) શું હુકમ ?

(૧૧) ઉપરોકત મુદાઓ પરત્વેનાં મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

**<u>નિર્ણયો:–</u>**

(૧) નકારમા.

(૨) આખરીહુકમ મુજબ.

**::– <u>કારણો</u> ::–**

**<u>મુદા નંબર(૧) ની ચર્ચા:–</u>**

**<u>પંચસાહેદોનો પુરાવો</u>**

(૧૨) ફરિયાદપક્ષે પંચસાહેદ રાજેશ વાઘજી દાવડાએ અને પંચસાહેદ સુલતાન અલીમામદ પારાએ અનુક્રમે આંક:–૧૨ અને આંક:–૧૪ થી પુરાવો આપેલ છે અને સદરહુ પંચસાહેદોએ તેમની સોગંદ પરની સરતપાસમાં જણાવેલ છે કે આશરે એક દોઢ વર્ષ પહેલા સવારનાં ભાગે ભુજ શહેર ' બી ' ડિવીઝન પોલીસ સ્ટેશન પાસેથી પસાર થતા હતા ત્યારે પોલીસે તેમને ઉભા રખાવી એક તૈયાર લખાણમાં સહી કરવાનું કહેતા તેમણે સહી કરી આપેલી. વધુમાં જણાવેલ છે કે તેઓ પોલીસ સાથે નાગોર ફાટક પાસે ગયેલ હોય અને ત્યાં કોઇ વ્યકિત હાજર હોય અને તેણે બનાવવાળી જગ્યા બતાવેલ હોય તેવુ બનેલ નથી.વધુમાં પંચસાહેદોને તેમની જુબાની દરમિયાન પંચનામુ બતાવતા તેમાં તેઓની સહીઓ ઓળખી બતાવે છે.સદરહુ પંચનામુ આંક:–૧૩ થી રજુ છે.

(૧૨.૧) આમ સદરહુ પંચસાહેદો પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન આપતા ન હોઇ વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા સાહેદો તરીકે જાહેર કરવામાં આવેલા છે અને ત્યારબાદ વિગતવાર

ઉલટ તપાસ કરવા છતાં પંચનામાની હકીકતને સમર્થન કરતો કોઇ પુરાવો મળી આવેલ નથી.

(૧૨.૨) સદરહુ પંચસાહેદોની આરોપીઓનાં વિ.વકીલ શ્રી ધ્વારા કોઇ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૧૩) ફરિયાદપક્ષે પંચસાહેદ ગુલામ અબ્દુલા પારાએ અને પંચસાહેદ સદામ સાલેમામદ પારાએ અનુક્રમે આંક:–૧૯ અને આંક:–૨૧ થી પુરાવો આપેલ છે અને સદરહુ પંચસાહેદોએ તેમની સોગંદ પરની સરતપાસમાં જણાવેલ છે કે આશરે એક દોઢ વર્ષ પહેલા બપોરનાં ભાગે ભુજ શહેર ' બી ' ડિવીઝન પોલીસ સ્ટેશન પાસેથી પસાર થતા હતા ત્યારે પોલીસે તેમને ઉભા રખાવી એક તૈયાર લખાણમાં સહી કરવાનું કહેતા તેમણે સહી કરી આપેલી. વધુમાં જણાવેલ છે કે તેઓ પોલીસ સાથે કોઇ જગ્યાએ ગયેલ હોય અને ત્યાં કોઇ વ્યકિત હાજર હોય અને તેણે બનાવવાળી જગ્યા બતાવેલ હોય તેવુ બનેલ નથી.વધુમાં પંચસાહેદોને તેમની જુબાની દરમિયાન પંચનામુ બતાવતા તેમાં તેઓની સહીઓ ઓળખી બતાવે છે.સદરહુ પંચનામુ આંક:–૨૦ થી રજુ છે.

(૧૩.૧) આમ સદરહુ પંચસાહેદો પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન આપતા ન હોઇ વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા સાહેદો તરીકે જાહેર કરવામાં આવેલા છે અને ત્યારબાદ વિગતવાર ઉલટ તપાસ કરવા છતાં પંચનામાની હકીકતને સમર્થન કરતો કોઇ પુરાવો મળી આવેલ નથી.

(૧૩.૨) સદરહુ પંચસાહેદોની આરોપીઓનાં વિ.વકીલ શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ લક્ષમાં લેતાં તે વાત કબુલ કરેલ છે કે તેમણે એક તૈયાર લખાણમાં સહી કરેલી તે સિવાય તેઓ કાંઇ જાણતા નથી.

(૧૪) ફરિયાદપક્ષ તરફે પંચસાહેદ ઈલીયાસ નુરમામદ મમણે આંક

–૨૮ થી પુરાવો આપેલ છે અને સદરહુ પંચસાહેદે તેમની સોગંદ પરની સરતપાસમાં જણાવેલ છે કે આશરે બે વર્ષ પહેલા ભુજ શહેર ' બી ' ડિવીઝન પોલીસ સ્ટેશન પાસે ગયેલા ત્યાં એક લખાણમાં સહી કરવાનુ કહેતા તેમણે સહી કરી આપેલી,ત્યાં તેમની હાજરીમાં કોઇ વ્યકિતની અટક કરેલ હોય કે તેની પાસે કોઇ ચીજવસ્તુ કબ્જે કરેલ હોય તેવુ બનેલ નથી.વધુમાં પંચસાહેદ –ને તેમની જુબાની દરમિયાન પંચનામુ બતાવતા તેમાં તેમની સહી ઓળખી બતાવે છે.સદરહુ પંચનામુ આંક:–૨૯ થી રજુ છે.વધુમાં જણાવેલ છે કે તેઓ આરોપીઓને ઓળખતા નથી.

ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રી ધ્વારા મુદામાલ અન્વયે સરતપાસ માટે મુદત માંગવામાં આવતા સરતપાસ મુલત્વી રાખવામાં આવેલી પરંતુ ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રી ધ્વારા સદરહુ પંચસાહેદની આગળની સરતપાસ અંગે કોઇ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

**<u>અન્ય સાહેદોનો પુરાવો:–</u>**

(૧૫) ફરિયાદપક્ષે સાહેદ સલીમબાપુ ઇસ્માઇલ સમાએ આંક:–૩૯ થી પુરાવો આપેલ છે અને સદરહુ સાહેદે તેમની સોગંદ પરની સરતપાસમાં જણાવેલ છે કે બનાવ બાબતે તેઓ કશું જાણતા નથી કે તેઓ આરોપીને ઓળખતા નથી.વધુમાં જણાવેલ છે કે શું બનાવ બનેલો તેની તેમને ખબર નથી.વધુમાં જણાવેલ છે કે તેઓ ઇસ્માઇલ જુમાભાઇ કે જેઓ આ કામનાં ફરિયાદી છે તેમને પણ ઓળખતા નથી.વધુમાં જણાવેલ છે કે ઇસ્માઇલ જુમાભાઇએ તેમનો નગ્ન વિડીયો કોઇએ વાયરલ કર્યા બાબતે તેમને જણાવેલ હોય તેવુ પણ બનેલ નથી.

(૧૫.૧) આમ સદરહુ સાહેદે તેમના પોલીસ રૂબરૂનાં નિવેદનની હકીકતોને લેશમાત્ર સમર્થન આપતા ન હોઇ વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે અને ત્યારબાદ વિગતવાર ઉલટ તપાસ કરવા છતાં ફરિયાદપક્ષનાં કેસની હકીકત

–ને સમર્થન કરતો કોઇ પુરાવો મળી આવેલ નથી.

(૧૫.૨) સદરહુ સાહેદની આરોપીઓનાં વિ.વકીલ શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ લક્ષમાં લેતાં તે વાત કબુલ કરેલ છે કે પોલીસે માત્ર તેમનુ નામ,સરનામુ પુછેલુ તે સિવાય બીજુ કશું પુછેલ નહી.

(૧૬) ફરિયાદપક્ષે સાહેદ શબીર ઇસ્માઇલ પારાએ આંક:–૪૦ થી પુરાવો આપેલ છે અને સાહેદે તેમની સોગંદ પરની સરતપાસમાં જણાવેલ છે કે બનાવ આશરે ત્રણેક વર્ષ પહેલા બનેલો તે દિવસે સાંજનાં ચારેક વાગ્યે તેઓ તેમના ઘરે હાજર હતા તે સમયે તેમના પિતાજી ઇસ્માઇલભાઇનો ફોન આવેલો અને જણાવેલ કે,'' ગનીભાઇ ડોડા મને હનીટ્રેપમાં ફસાવી તેનો વિડીયો બનાવેલ અને મને ફસાવેલ છે અને કહેલ કે તુ તમારો મકાન તથા જમીન અમારા નામે કરી દે નહી તો વિડીયો વાયરલ કરી નાખશુ.'' જેથી તેમના પિતાએ તેમને કહેલ કે,'' જમીન અને મકાન તારા નામે નહી કરુ તમે ભલે વિડીયો વાયરલ કરી નાખો.''વધુમાં જણાવેલ છે કે ત્યારબાદ આરોપીઓએ તેમના પિતાજીનો વિડીયો ઉતારેલ તે વાયરલ કરી દીધેલ અને તેમના પિતાને ધમકીઓ પણ આપતા હતા.વધુમાં જણાવેલ છે કે ત્યારબાદ પોલીસે તેમનુ નિવેદન નોંધેલુ.વધુમાં જણાવેલ છે કે તેમના પિતાને હનીટ્રેપમાં ફસાવનાર એક લેડીઝ પણ હતા જેનું નામ હાલે તેમને યાદ નથી. વધુમાં જણાવેલ છે કે આરોપીઓએ તેમના પિતા પાસે રૂા.૨૫ લાખની માંગણી કરેલી.વધુમાં જણાવેલ છે કે તેમના પિતાજીએ આરોપીને રૂપિયા આપેલા હોય તેવુ હાલે તેમને યાદ નથી.વધુમાં તેઓને જુબાની દરમિયાન નામદાર અદાલતમાંથી પોલીસે રજુ કરેલ ચાર્જશીટ સાથે ફોટો બતાવતા તે તેજ હોવાનું જણાવે છે.

(૧૬.૧) સદરહુ સાહેદની આરોપીઓનાં વિ.વકીલ શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ લક્ષમાં લેતાં તે વાત કબુલ કરેલ છે કે પોલીસે માત્ર તેમનુ નામ,સરનામુ પુછેલુ તે સિવાય બીજુ કશુ પુછેલ નહી.

(૧૭) ફરિયાદપક્ષે સાહેદ અમીનાબેન ઇસ્માઇલ પારાએ આંક−૪૧ થી પુરાવો આપેલો છે અને સદરહુ સાહેદે સોગંદ પરની સરતપાસમાં જણાવેલ છે કે તેમને સંતાનમાં ચાર દિકરીઓ તેમજ બે દિકરા છે અને તેઓ બધા ભેગા રહે છે,તેમના પતિ ઇસ્માઇલ પારા કે જેઓ ગાયક કલાકાર છે.વધુમાં જણાવેલ છે કે આશરે ત્રણેક વર્ષ પહેલા તેમના દિકરાનાં ફોનમાં એક વિડીયો આવેલ હતો જે તેણે તેમને બતાવેલ હતો અને આ વિડીયોમાં એક બાઇ હતી અને ગનીભાઇ હતા.આ સિવાય વિડીયોમાં બીજુ કોઇ હતુ નહી.ત્યારબાદ જણાવે છે કે ગનીભાઇએ તેમના પતિ ઇસ્માઇલ પારાનો નગ્ન વિડીયો બનાવેલ હતો.વધુમાં જણાવેલ છે કે આ વિડીયો નજમાબેનનાં ઘરે તેમના પતિને બોલાવીને ત્યાં નજમાબેને તેમના પતિને ચા પીવડાવેલી અને તેમના પતિ બેભાન થઇ ગયેલા અને ત્યારબાદ નજમાબેન તથા ગનીભાઇએ તેમના પતિનો નગ્ન વિડીયો બનાવેલો.વધુમાં જણાવેલ છે કે આ વિડીયો બનાવ્યા બાદ વિડીયો બનાવનારે એવુ કહેલ કે,'' તમારા મકાન અને વાડી અમને આપી દયો અને જો નહી આપો તો આ વિડીયો વાયરલ કરી નાખશુ.'' આ પ્રકારની ધમકી આરોપીઓ તેમના પતિને આપતા હતા.આ સિવાય આરોપીઓએ તેમના પતિનાં ખિસ્સામાંથી રૂપિયા કાઢી લીધેલા તેમજ સ્વીફ્ટ ગાડી અને તેનાં કાગળો લઇ લીધેલા.વધુમાં જણાવેલ છે કે આરોપીઓએ તેમના પતિ પાસે કેટલા પૈસા લઇ લીધેલા તેની તેમને ખબર નથી.આ સિવાય બીજુ કશુ બનેલ નહી.વધુમાં જણાવેલ છે કે તેઓ આરોપીઓને ઓળખતા નથી.ત્યારબાદ જણાવે છે કે તેઓ આરોપી બેનને ઓળખી શકે અને ભાઇને ઓળખી શકે નહી.વધુમાં તેમને જુબાની દરમિયાન નામદાર અદાલતની ચાર્જશીટમાંથી આરોપી નજમાબેનનો ફોટો બતાવતા તે તેજ છે તેમ જણાવે છે.

(૧૭.૧) સદરહુ સાહેદની આરોપીઓનાં વિ.વકીલ શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ લક્ષમાં લેતાં તે વાત કબુલ કરેલ છે કે પોલીસે માત્ર તેમનુ નામ સરનામુ પુછેલુ તે સિવાય બીજુ કશુ પુછેલ નહી.

(૧૮) ફરિયાદપક્ષ તરફે સાહેદ હુસેન જુમા પારાએ આંક:-૨૯ થી પુરાવો આપેલ છે અને સદરહુ સાહેદે સોગંદ પરની સરતપાસમાં જણાવેલ છે કે ઈસ્માઈલ જુમા પારા તેમના કુટુંબી ભાઈ થાય છે.ઈસ્માઈલ જુમાનું નગ્ન વિડીયો કોઈએ વાયરલ કર્યા બાબતે ઈસ્માઈલ જુમાએ તેમને જણાવેલ હોય તેવુ પણ બનેલ નથી.વધુમાં જણાવેલ છે કે બનાવ બાબતે તેઓ કશું જાણતા નથી કે તેઓ આરોપીને ઓળખતા નથી.વધુમાં જણાવેલ છે કે તેઓએ કોઈના વચ્ચે સમાધાન કરાવેલુ તેવુ બનેલ નથી.

(૧૮.૧) આમ સદરહુ સાહેદે તેમના પોલીસ રૂબરૂનાં નિવેદનની હકીકતોને લેશમાત્ર સમર્થન આપતા ન હોઈ વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે અને ત્યારબાદ વિગતવાર ઉલટ તપાસ કરવા છતાં ફરિયાદપક્ષનાં કેસની હકીકતને સમર્થન કરતો કોઈ પુરાવો મળી આવેલ નથી.

(૧૮.૨) સદરહુ સાહેદની આરોપીઓનાં વિ.વકીલ શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ લક્ષમાં લેતાં તે વાત કબુલ કરેલ છે કે પોલીસે માત્ર તેમનુ નામ,સરનામુ પુછેલુ તે સિવાય બીજુ કશું પુછેલ નહી.

**<u>પોલીસ સાહેદોનો પુરાવો:-</u>**

(૧૯) ફરિયાદપક્ષ તરફે સાહેદ ભગીરથસિંહ અરવિંદસિંહ જાડેજાએ આંક:-૪૬ થી પુરાવો આપેલ છે અને સદરહુ સાહેદે સોગંદ પરની સરતપાસમાં જણાવેલ છે કે તા:-૧૫/૦૩/૨૦૨૨ નાં રોજ તેઓ ભુજ શહેર 'બી ' ડિવીઝન પોલીસ સ્ટેશન ખાતે તેમની પી. એસ.ઓ. ફરજ પર હતા તે દરમિયાન પી.આઈ.શ્રીએ પોતાની રૂબરૂની ફરિયાદીની લીધેલ ફરિયાદ તેઓને ગુન્હો દાખલ કરવા આપતા તેઓએ ભુજ શહેર ' બી ' ડિવીઝન પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નં.૨૮૭/૨૨ થી ગુન્હો દાખલ કરી આગળની તપાસ પી.આઈ.શ્રીને સોંપેલી.વધુમાં તેઓને જુબાની દરમિયાન એફ.આઈ.

આર.અસલ બતાવતા તે તેજ છે તેમ જણાવી તેમાં તેમની સહી ઓળખી બતાવે છે.સદરહુ એફ.આઈ.આર.આંક:-૪૭ થી રજુ છે.

(૧૯.૧) સદરહુ સાહેદની આરોપીઓનાં વિ.વકીલ શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ લક્ષમાં લેતાં તે વાત કબુલ કરેલ છે કે આ કામનાં ૧૫૪ નાં ઉતારા સિવાય બીજી કોઇ કાર્યવાહી તેમણે કરેલ નથી.

(૨૦) ફરિયાદપક્ષ તરફે તપાસ કરનાર અમલદાર પાર્થેન્દ્રસિંહ વિજયસિંહ વાઘેલાએ આંક:-૫૯ થી પુરાવો આપેલ છે અને સદરહુ સાહેદે સોગંદ પરની સરતપાસમાં જણાવેલ છે કે તા:-૧૫/૩/૨૦૨૨ નાં રોજ તેઓ ભુજ શહેર ' બી ' ડિવીઝન પોલીસ સ્ટેશન ખાતે ફરજ પર હતા દરમિયાન ફરિયાદીએ તેઓ રૂબરૂ ફરિયાદ આપતા તેનાં લખાવ્યા મુજબની ફરિયાદ તેઓએ નોંધી લીધેલ અને સદર ફરિયાદી પી.એસ.ઓ.ને ગુન્હો દાખલ થવા માટે આપેલ.વધુમાં તેઓને જુબાની દરમિયાન આંક:-૪૭ વાળી અસલ ફરિયાદ બતાવતા તેમાં ફરિયાદીએ તેમની રૂબરૂ સહી કરેલી અને રૂબરૂપણામાં તેમની સહી ઓળખી બતાવે છે.વધુમાં જણાવેલ છે કે તેઓએ સદર ફરિયાદનાં આધારે ભુજ શહેર ' બી ' ડિવીઝન પોલીસ સ્ટેશન પાર્ટ-એ ગુન્હા રજીસ્ટર નં.૦૨૮૭/૨૨,તારીખ ૧૫/૦૩/૨૦૨૨,આઇ.પી.સી.કલમ-૩૮૪,૩૨૮ વિગેરે તથા આઇ.ટી.એકટની કલમ-૬૭(એ) મુજનો ગુન્હો આરોપીઓ વિરૂધ્ધ દાખલ કરેલો અને તેની તપાસ તેઓને સોંપતા તેઓએ સંભાળેલ.વધુમાં જણાવેલ છે કે તેઓએ લાગતા-વળગતા સાહેદોનાં નિવેદનો લીધેલા,બે અલગ અલગ ગુન્હાવાળી જગ્યા હતી તે જગ્યાએ જઇ પંચોની હાજરીમાં પંચનામા કરેલા,આરોપી ગની આમદ હોડા તારીખ ૨૧/૩/૨૨ નાં રોજ મળી આવતા પંચનામાની વિગતે અટક કરેલ તેમજ ટેકનો સ્પાર્ક કંપનીનો મોબાઇલ તથા રોકડા રૂા.૧૨,૦૦૦/- પંચનામાની વિગતે કબ્જે કરેલ અને કબ્જે કરેલ મુદામાલ મોબાઇલ રવાનગી પત્ર સાથે એફ.એસ.એલ., ગાંધીનગર ખાતે મોકલી આપેલ,એફ.એસ.એલ.,ગાંધીનગર

–થી મળેલ પહોંચ કામમાં સામેલ રાખેલ અને તેમની તપાસ દરમિયાન બદલી તથા આગળની તપાસ પી.આઇ.શ્રી વાઘેલાએ સંભાળી અને તેણે તમો આ આરોપી ગની આમદ હોડા વિરૂધ્ધ પુરતો પુરાવો હોઇ નામદાર અદાલતમાં ચાર્જશીટ કરેલ તથા આરોપી નં.(૨) નઝમાબેનને પકડવાનાં બાકી હોઇ પી.આઇ.શ્રી વાઘેલાએ તેની અટકકરી નામદાર અદાલતમાં મોકલી આપેલ તેમજ આરોપી નઝમાબેન વિરૂધ્ધ પુરતો પુરાવો હોઇ પુરવણી ચાર્જશીટ કરેલ.વધુમાં તેઓને જુબાની દરમિયાન આંક:–૧૩ અને આંક:–૨૦ વાળુ પંચનામુ બતાવતા તેમાં પંચોની અને રૂબરૂપણામાં તેમની સહીઓ ઓળખી બતાવે છે.વધુમાં તેઓને જુબાની દરમિયાન આંક:–૨૯ વાળુ પંચનામુ બતાવતા તેમાં પંચોની અને રૂબરૂપણામાં તેમની સહીઓ ઓળખી બતાવે છે.વધુમાં તેઓને જુબાની દરમિયાન રવાનગી પત્ર બતાવતા તેમાં તેમની સહી તથા સત્તા અંગેનાં પ્રમાણપત્રમાં ના.પો.અધિકારી ભુજની સહી તથા કચેરીનો નમુનો સીલ છે તે ઓળખી બતાવે છે.સદરહુ રવાનગી પત્ર અને સત્તા અંગેનું પ્રમાણપત્ર આંક:–૬૦ થી રજુ છે.વધુમાં તેઓને જુબાની દરમિયાન એફ.એસ.એલ.ગાંધીનગર તરફથી મળેલ પહોંચ બતાવતા તે તેજ હોવાનું જણાવે છે.સદરહુ પહોંચ આંક:–૬૧ થી રજુ છે.

(૨૦.૧) સદરહુ તપાસ કરનાર અમલદારની આરોપીઓનાં વિ.વકીલ શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ લક્ષમાં લેતાં તે વાત કબુલ કરેલ છે કે આ કામનાં ફરિયાદી આરોપી નઝમાબેનને બનાવ પહેલેથી ઓળખતા હતા.તે વાત કબુલ કરેલ છે કે બનાવનાં દિવસે કોઇ પોલીસ ફરિયાદ કરાવવામાં આવેલ નહી.તે વાત કબુલ કરેલ છે કે જે જગ્યાએ વિડીયો બનાવવામાં આવેલ તેની માલિકી સબંધેનાં કોઇ આધારો તપાસનાં કામે કબ્જે કરેલ નહી.તે વાત કબુલ કરેલ છે કે આરોપી નઝમાબેન પાસેથી તપાસનાં કામે કોઇ ચીજવસ્તુ કબ્જે કરવામાં આવેલ નથી.તે વાત કબુલ કરેલ છે કે ફરિયાદીનાં વિડીયો બનાવી તેનાં પાસેથી પૈસાની માંગણી આરોપીઓ કરતા હોય તેવા નજરે જોનાર સાહેદો તપાસનાં કામે મળી આવેલ

નહી.તે વાત કબુલ કરેલ છે કે ફરિયાદમાં જણાવેલ હાલનાં આરોપી સિવાયનો ઈસમ કોણ હતો તે તપાસનાં કામે મળી આવેલ નહી.તે વાત કબુલ કરેલ છે કે ફરિયાદીની સ્વીફ્ટ ગાડી સબંધેનાં કોઈ આધારો તપાસનાં કામે મેળવેલ નહી.

(૨૧) આ કામે ફરિયાદપક્ષ તરફથી તપાસવામાં આવેલ સાહેદો પૈકી મોટાભાગનાં સાહેદો ફરિયાદપક્ષનાં કેસને સમર્થન કરતા ન હોઈ વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટ તપાસ કરવા છતાં ફરિયાદપક્ષનાં કેસને મદદરૂપ થાય તેવી કોઈ હકીકતો જણાવતા નથી.

(૨૨) આ કામે તપાસવામાં આવેલા સાહેદો પૈકી બે મહત્વનાં સાહેદો આંક:-૪૦ થી સાહેદ નં.૭ શબ્બીર ઈસ્માઈલ પારા કે જેઓ પોતાની સરતપાસમાં આરોપી ગનીભાઈ હોડાએ તેમના પિતાને હનીટ્રેપમાં ફસાવી તેમનો વિડીયો બનવેલ છે અને જમીન અને મકાન તેઓનાં નામે નહી કરે તો વિડીયો વાયરલ કરવાની ધમકી આપેલ છે,તેવી હકીકત તેમના પિતાએ તેઓને ફોનમાં જણાવેલી.ત્યારબાદ આરોપીએ તેમના પિતાનો વિડીયો વાયરલ કરી દીધેલ તથા ધમકી પણ આપતા હતા.વધુમાં તેઓ જણાવે છે કે તેમના પિતાની હનીટ્રેપમાં ફસાવનાર એક સ્ત્રી હતા,જેનું નામ યાદ નથી.આ સાહેદ પોતાની ઉલટ તપાસ દરમિયાન એવું કબુલ રાખે છે કે પોલીસે તેઓનું માત્ર નામ,સરનામુ પુછેલુ બીજુ કશું પુછેલ નહી.

તેવીજરીતે આંક:-૪૧ થી સાહેદ અમીનાબેન ઈસ્માઈલ પારા પણ પોતાની સરતપાસમાં તેમના દિકરાનાં ફોનમાં એક વિડીયો આવેલ હતો જેમાં એક ભાઈ તથા ગનીભાઈ હતા તેમ જણાવે છે.વધુમાં જણાવે છે કે ગનીભાઈએ તેમના પતિનો નગ્ન વિડીયો બનાવેલો હતો તેમજ આ વિડીયો નજમાબેને તેમના પતિને તેનાં ઘરે બોલાવી તેમને(પતિને) ચા પીવડાવેલી જેથી તેઓ બેભાન થઈ ગયેલા અને ત્યારબાદ આ વિડીયો નજમાબેન તથા

ગનીભાઇએ બતાવેલ હતો.વધુમાં તેઓ મકાન તથા વિડીયો આપી દેવાની ધમકી આપતા હતા અને તેમના પતિની સ્વીફ્ટ ગાડી તેનાં કાગળો તથા ખિસ્સામાંથી પૈસા લઇ લીધલા વિગેરે હકીકતો જણાવે છે.આ સાહેદ પણ પોતાની ઉલટ તપાસમાં એવુ કબુલ રાખે છે કે પોલીસે માત્ર તેઓનું નામ, સરનામુ પુછેલુ બીજુ કશું પુછેલ નહી.

(૨૩) આમ,ઉપરોકત બનને સાહેદોની જુબાની જોતાં પોલીસે આ બન્ને સાહેદોનાં કોઇ નિવેદનો નોંધેલ નથી તેવું તેઓની ઉલટ તપાસ પરથી નીકળી આવે છે તે સંજોગોમાં તેઓએ પોતાની સરતપાસમાં જે વિડીયો બનાવવાની તથા ધમકી આપવાની હકીકતો જણાવેલ છે તે સૌ પ્રથમ વખત કોર્ટમાં જણાવેલ હોય તેથી તે એકઝાગ્રેશન ગણાય તેમજ વળી આ કામે મૂળ ફરિયાદી ઇસ્માઇલ જુમા પારા આંક:–૧૧ વાળા સાહેદ સમન્સનાં શેરા મુજબ તેમન તેની સાથે નિશાની–૧૧/૧ વાળા મરણનાં પ્રમાણપત્ર મુજબ અવસાન પામેલ હોવાથી ફરિયાદપક્ષ ફરિયાદીને તપાસી શકેલ નથી.તે સંજોગોમાં જયાંસુધી ભોગ બનનાર વ્યકિતની જુબાની રેકર્ડ પર ન આવે ત્યાંસુધી માત્ર અન્ય સાહેદોની જુબાની પર આધાર રાખી હાલનાં કેસમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તે પ્રકારનો વિશ્વસનીય પુરાવો ફરિયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી.જેમકે આ કામે ફરિયાદપક્ષનાં કેસ મુજબ આ કામે સૌ પ્રથમ નજમાબેને ફરિયાદી ઇસ્માઇભાઇનાં પોતાના ઘરે ચા પીવડાવી બેભાન કરેલ છે,પરંતુ આ બાબતે કોઇ તબીબી પુરાવો રેકર્ડ પર આવેલ નથી જેમકે આરોપીએ ફરિયાદીની ચા માં કશું તત્વ ભેળવેલુ તે બાબતે ફરિયાદીનું કોઇ મેડીકલ કરાવવામાં આવેલ હોય તેમજ તે બાબતે કોઇ મેડીકલ ઓફીસર કે અન્ય કોઇ ડોકટરને તપાસવામાં આવેલ નથી કે કોઇ લેખિત આધાર પણ રજુ કરવામાં આવેલ નથી તેમજ વળી આ કામે જે વિડીયો બનાવવામાં આવેલ છે તે પણ ફરિયાદપક્ષ રજુ કરી શકેલ નથી કે જે મોબાઇલથી વિડીયો બનાવવામાં આવેલ છે તેનો કોઇ એફ.એસ.એલ.રિપોર્ટ

પણ આ કામે રજુ થેલ નથી તેમજ વળી આ કામે ફરિયાદપક્ષ તરફથી જે મૌખિક પુરાવા પર આધાર રાખેલ છે તે પણ હીયરસે એવીડન્સ હોય તેથી માત્ર આ પ્રકારનાં હીયરસે એવીડન્સ પર આધાર રાખી આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી.

(ર૪) વધુમાં આ કામે ફરિયાદપક્ષ તરફથી આંક:-પ૯ થી તપાસવામાં આવેલ તપાસ કરનાર અમલદાર શ્રી પાર્થેન્દ્રસિંહ વિજયસિંહ વાઘેલા પણ પોતાની ઉલટ તપાસ દરમિયાન કબુલ રાખે છે કે બનાવનાં દિવસે કોઇ ફરિયાદ થયેલ નથી,જે જગ્યાએ કહેવાતો વિડીયો બનાવવામાં આવેલ તેની માલિકી સબંધેનાં કોઇ આધારો કબ્જે લીધેલ નહી તેમજ આરોપી નઝમાબેન પાસેથી કાંઇ કબ્જે લેવામાં આવેલ નહી તેમજ ફરિયાદીનો વિડીયો બનાવી તેની પાસેથી પૈસાની માંગણી કરતા હોય તેવા કોઇ નજરે જોનાર સાહેદ મળી આવેલ નહી વિગેરે ઉલટ તપાસ ધ્યાને લેતાં પણ આ કામે આરોપીઓએ વિડીયો બનાવી ફરિયાદી પાસેથી પૈસા માંગતા હોય તોવ કોઇ નજરે જોનાર સાહેદો મળેલ ન હોય,કઇ જગ્યાએ વિડીયો બતાવેલ તે જગ્યાનાં માલિકીનાં આધારો મળેલ ન હોય તેમજ આરોપી નઝમાબેન પાસેથી પણ કાંઇ કબ્જે લેવામાં આવેલ ન હોય તે તમામ સંજોગોમાં હાલનાં આરોપીઓએ ફરિયાદીનો કોઇ નગ્ન વિડીયો બનાવેલ હોય કે તેને વાયર કરેલ હોય કે તેનાં આધારે કોઇ ખંડણી કે કોઇ રકમની માંગણી કરેલ હોય કે આરોપીઓએ ફરિયાદી પાસેથી કોઇ રકમ મેળવેલ હોય કે આરોપીઓ ફરિયાદીને ચામાં ભેળવીને કોઇ ઝેર,નશાકારક દવા અથવા અન્ય કોઇ હાનિકારક પદાર્થ ખવડાવીને અથવા આપીને અથવા ફરિયાદીને નુકશાન થાય તેવા હેતુથી ગુન્હો કરવાનાં ઈરાદે આવું કોઇ કૃત્ય કરેલ હોય અથવા આરોપીઓએ ફરિયાદીને ઈજા કે ગંભીર નુકસાનની ધમકી આપીને તે વ્યકિતને પોતાની ઈચ્છા વિરૂધ્ધ કોઇ મિલકત અથવા કિંમતી વસ્તુ આપવા મજબુર કરેલ હોય તે મતલબનો લેશમાત્ર પુરાવો ફરિયાદપક્ષ રેકર્ડ પર લાવી

શકેલ ન હોય,ફરિયાદી ગુજરી જવાથી તેઓની ફરિયાદીને તેમની જુબાનીથી સમર્થન મળતુ ન હોય તે સંજોગોમાં ફરિયાદપક્ષ તરફથી રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો વંચાણે લેતાં આરોપીઓ વિરૂધ્ધ ફરમાવવામાં આવેલ ત્હોમત કે જેમાં આરોપીઓ વિરૂધ્ધ ઇ.પી.કોડની કલમ–૩૮૪,૩૨૮, ૫૦૬,૧૧૪ તથા આઇ.ટી.એકટની કલમ–૬૭(એ) મુજબનાં ગુન્હાનાં આક્ષેપો હોઇ જે પૈકી કોઇપણ કલમનાં તત્વો સંતોષાતા ન હોય અને એ રીતે ફરિયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધનો પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઇ મુદા નં.(૧) પરત્વેનો મારો નિર્ણય <u>**નકારમા**</u> આપી મુદા નં.(૨) પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

::– <u>હુકમ</u> ::–

(૧) સેશન્સ કેસ નં.૩૭/૨૦૨૩ નાં આરોપી **ગની આમદ હોડા,** ઉ.વ.૩૯,રહે.નવાગામ દુધઇ,તા.અંજાર–કચ્છને ભારતીય ફોજદારી કાર્ય સંહિતાની કલમ–૨૩૫(૧) અન્વયે આઇ.પી.સી.કલમ–૩૮૪,૩૨૮,૫૦૬, ૧૧૪ તથા આઇ.ટી.એકટની કલમ–૬૭(એ) મુજબનાં શિક્ષાપાત્ર ગુન્હામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સેશન્સ કેસ નં.૧૧૩/૨૦૨૩ નાં આરોપી **નઝમાબેન જુસબ ગગડા,**ઉ.વ.૪૦,રહે.વિશ્વકર્મા નગર,માધાપર હાઇવે એકતા હોટલની પાછળ ભુજ.હાલે રહે.આંમબરાઅ,તા.નખત્રાણા–કચ્છને ભારતીય ફોજદારી કાર્ય સંહિતાની કલમ–૨૩૫(૧) અન્વયે આઇ.પી.સી.કલમ–૩૮૪,૩૨૮,૫૦૬, ૧૧૪ તથા આઇ.ટી.એકટની કલમ–૬૭(એ) મુજબનાં શિક્ષાપાત્ર ગુન્હામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(ક) ની જોગવાઇ અન્વયે દરેક આરોપીએ **રૂા.૫,૦૦૦/–(અંકે રૂપિયા પાંચ હજાર**

**પુરા)** નાં સધ્ધર જામીન અપીલ પિરીયેડ ૬ (છ) માસનાં સમયગાળા માટેનાં આપવા.

(૪) સેશન્સ કેસ નં.૩૭/૨૦૨૩ અને સેશન્સ કેસ નં.૧૧૩/૨૦૨૩ નાં કામે કબ્જે કરવામાં આવેલ મુદામાલ પૈકી મુદામાલ આર્ટીકલ નં.(૧) ટેકનો સ્પાર્ક કંપનીનાં મોબાઇલ અન્વયે અગાઉ વચગાળાનાં તબકકે પરત સોંપવાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે અપીલ સમય વિત્યે કાયમ કરવામાં આવે છે અન્યથા અપીલ સમય વિત્યે માલિકીની ખાત્રી કરી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે અને મુદામાલ આર્ટીકલ નં.(૨) રોકડ રકમ આરોપીએ ફરિયાદીનાં ખિસ્સામાંથી લીધેલ હોય તે રોકડ રકમ અપીલ સમય વિત્યે ફરિયાદીનાં વારસોને ખાત્રી કરી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) આ ચુકાદાની એક પ્રમાણિત નકલ સેશન્સ કેસ નં.૧૧૩/ ૨૦૨૩ નાં કામે સામેલ રાખવી.

આ હુકમ આજરોજ તા:–૧ માહે એપ્રિલ સને ૨૦૨૬ નાં રોજ મારી સહી કરીને ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

સહી/–
**(એન.પી.રાડીઆ)**
સાતમા અધિક સેશન્સ જજ
ભુજ–કચ્છ.
GJ00621

તા:–૧/૦૪/૨૦૨૬
ભુજ–કચ્છ.

( N. P. Radia)
7th Addl. Sessions Judge, Bhuj